## શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવડી સાડા ચારસો બ્રાહ્મણ જ્ઞાતિ સિહોર

### : પ્રભુતામાં પગલાં પાડતાં નવદંપતીઓ :

**મંડપ નં. ૧**

શ્રી દિલીપભાઈ ઈન્દુલાલ પંડિતની સુપુત્રી
મુ. રંઘોળા



**ચિ. કાજલ**
સંગ
**ચિ. અર્જુન**



મુ. માંડવા
શ્રી વિનોદરાય મનસુખલાલ વ્યાસના સુપુત્ર

**મંડપ નં. ૨**

શ્રી વિનોદરાય મનસુખલાલ વ્યાસની સુપુત્રી
મુ. માંડવા



**ચિ. પારૂલ**
સંગ
**ચિ. વિશાલ**



મુ. રંઘોળા
શ્રી દિલીપભાઈ ઈન્દુલાલ પંડિતના સુપુત્ર

**મંડપ નં. ૩**

શ્રી હસમુખભાઈ વાલજીભાઈ પંડયાની સુપુત્રી
મુ. મોટાસુરકા



**ચિ. જલ્પા**
સંગ
**ચિ. તુષાર**



મુ. દામનગર
શ્રી મહેશભાઈ દુર્લભજી પંડિતના સુપુત્ર

**મંડપ નં. ૪**

શ્રી જયેશભાઈ મનુભાઈ પંડયાની સુપુત્રી
મુ. રાજપીપળા



**ચિ. રીમા**
સંગ
**ચિ. અમન**



મુ. સિહોર
શ્રી કિશોરભાઈ દયાશંકર દવેના સુપુત્ર

### : યજ્ઞોપવિત ધારણ કરનાર બટુકો :




**ચિ. જીઆન**
કલ્પેશભાઈ પંડયા
ટાણા




**ચિ. પાર્થ**
કલ્પેશભાઈ પંડયા
ટાણા




**ચિ. મહર્ષિ**
ઈશ્વરભાઈ વ્યાસ
સુરત



સિહોર જ્ઞાતિના આમંત્રણને માન આપી
ચિ.જલ્પા નું કન્યાદાન કરવા
સુરત જ્ઞાતિ મંડળના ટ્રસ્ટીશ્રી રાજુભાઈ એમ. મહેતા પધારેલ

Book Post


રવાના :
શ્રી ઔ.સ.ઝા. સાડાચારસો બ્રહ્મસમાજ
૪૧૨, શાયોના આર્કેડ, ચોથો માળ,
દિનેશ ચેમ્બર સામે, ઈન્ડિયા કોલોની રોડ,
બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૫.




શ્રી ઔ.સ.ઝા.સા.બ્રહ્મસમાજ અમદાવાદ
રજી. નં. એ-૨૭૪૫
સંસ્કાર-સંગઠન-સમાજસેવા
• વર્ષ-૪૦ • માર્ચ.-૨૦૨૫



શ્રી ઔદિચ્ય સહસ્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદનું
સંસ્કાર-સંગઠન-સમાજસેવાની સુવાસ પ્રસરાવતું દ્વિ-માસિક સામયિક


# સદ્ભાવ



સળંગ અંક - ૨૧૭






















**નવનાથ દર્શન સિહોર**

**શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવડી સાડા ચારસો બ્રાહ્મણ જ્ઞાતિ સિહોર છઠ્ઠા સમુહલગ્ન અને યજ્ઞોપવિત સમારોહ પ્રસંગે અભિનંદન સહ અમદાવાદ કારોબારી સમિતિ**

# MATRIMONIAL BIO DATA



Personal Details:

- Name : Dr. Malay Kiritkumar Acharya
- Date of Birth : 01-June-1990
- Birth Time : 12:02 am (Mid-night)
- Birthplace : Jamnagar
- Height : 5 Feet 7 Inch
- Weight : 85 Kg.
- Religion/Caste : Hindu - Brahmin (Audichya Sahastra Zalavadi Charso Brahmin)
- Family Gotra : Gautam
- Naadi : Madhya
- Glass : No
- Mangalik : No
- Hobby : Reading Books, Listening Music
- Education : M.B.B.S.
- Job : Owned GP Clinic in Jamngar, former Medical Officer of G.G.Hospital

FAMILY DETAILS

- Father's Name : Kiritkumar Mansukhlal Acharya
- Father Occupation : Doctor (Skin Specialist)
- Mothers Name : Rekhaben Kiritkumar Acharya
- Mothers Occupation : House Wife
- Sibling : Two Elder Sister (Both Married)
  1. Dr. Rinku Mehulkumar Joshi M.S.(Eye Specialist) Consultant, Leicester, UK
  Son in Law Dr.MehulkumarJoshi, M.R.C.P., Children Speicalst Leicester, UK
  2. Shweta Vinamkumar Mehta, B.E.(E&C), Sydney, Australia
  Son in Law Vinamkumar Mehta, P.hd(Pharmacy), CEO. Novartis Pharma Sydney, Australia
- Contact Address : Shubham" Park Colony, Jamnagar
- Contact No. : 93281 01070

## BIO DATA



**Personal Details**

Name :- Meet Vyas
Caste :- Audichya Sahastra Zalawadi 450 Brahman
DOB :- 22/10/2000
Time :- 14:10
Height :- 6ft
Weight :- 84 Kg
Education :- B.Sc. Chemistry
Occupation :- Owner Of Rudra Insteno Chem Ahmedabad
Income :- 8-9 LPA
Gotra :- Kaushik
Kuldevi :- Shree Vighneshwari Mata Kotavad

**Family Details**

Father Name :- Jiteshkumar Manubhai Vyas
Occupation :- Teacher
Mother Name :- Bhavnaben Jiteshkumar Vyas
Occupation :- Housewife
Brother :- Elder Brother Neel Vyas(Married)
Maternal :- Mehul Mansukhlal Dave, Limbdi
Others Address :- Gota, Ahmedabad
Native Address :- At.Valukad Palitana Bhavnagar
Email :- jiteshvyasvalukad@gmail.com Contact :- 94284 32241

## BIO DATA



Name : Dhruv UdayKumar Vyas
Date of Birth : 28/11/2000
Time of Birth : 11:45AM
Place of Birth : Ahmedabad
Rashi : Sagittarius (Dhanu)
Manglik : No
Religion : Hindu : Bhrahmin
Caste : Audichya Sahastra Zalawadi 450 Brahman
Gotra : Kaushik
Gan : Male
Weight : 63 kg.
Height : 5 ft. 7 in.
Blood Group : B+
Education : B.S.C. (Bio, Micrology)
Occupation : Private Job (Rs.30000/-pm) as a QC Chemist Lotus Advance Materials,Naroda

FAMILY DETAILS :

Father Name : UdayKumar Bhupatray Vyas
Occupation : Private Job
Mother Name : Sunita UdayKumar Vyas
Occupation : Private Job
Sister : No
Brother : 1 brother I married private Business live at Bopal ,Ahmedabad

CONTACT DETAILS

A-66, Krishna Nagar, Adinath Nagar Part-2, Odhav, Ahmedabad.
Contact No. : 8780774244

# શ્રી ઓદિચ્ય સહસ્ત્ર ઝાલાવડી સાડા ચારસો બ્રાહ્મણ
# જ્ઞાતિ સિહોર દ્વારા છઠ્ઠો સમૂહ લગ્ન અને યજ્ઞોપવિત યોજાયો





































# સદ્‌ભાવ

વર્ષ-૪૦ | સળંગ અંક - ૨૧૭ | માર્ચ - ૨૦૨૫

## માલિક, મુદ્રક અને પ્રકાશક પત્રવ્યવહાર

શ્રી ઔદિચ્ય સહસ્ર ઝાલાવાડી સાડાચારસો, બ્રહ્મસમાજ, અમદાવાદ
૪૧૨, શાયોના આર્કેડ, દિનેશ ચેમ્બર્સ સામે, શ્યામશિખર ચાર રસ્તા, બાપુનગર, અમદાવાદ-૨૫. ફોન : ૯૯૯ ૮૦૦૦ ૪૫૦
કાર્યાલય : સોમ બુધ અને શુક્ર સાંજે ૬.૦૦ થી ૮.૦૦

sadbhav84@gmail.com
@sadbhavasz450bs
@asz450brahmsamajahmedabad
https://asz450bsabd.in

## રસથાળની સ્વાદિષ્ટ વાનગીઓ..

૧. તંત્રી સ્થાનેથી
૨. જ્ઞાતિ સમાચાર
૩. જ્ઞાતિ ગૌરવ
૪. શુભ સમાચાર
૫. મૃત્યુનોંધ
૬. દાન સરવણી

**તંત્રી**
શ્રીમતી ડિમ્પલબેન મનીષભાઈ વ્યાસ

**સહતંત્રી**
શ્રીમતી પ્રિતીબેન પ્રશાંતભાઈ આચાર્ય

**સંપાદક મંડળ**
શ્રી હરેશભાઈ રવિશંકર જોષી
શ્રી ઉદય બી. વ્યાસ

માહિતી માટે :
મો. : ૯૯૯ ૮૦૦૦ ૪૫૦

## સદ્‌ભાવ આજીવન લવાજમ

સ્થાનિક : રૂ. ૧૦૦૦/- વિદેશમાં : રૂ. ૨૫૦૦/-

## જાહેરાતના દર

ફોરકલર

| | | |
|---|---|---|
| | રૂ. ૬૦૦૦ | સ્પોન્સરશીપ |
| | રૂ. ૧૫૦૦ | કલર પેજ આખુ |
| | રૂ. ૭૫૦ | કલર પેજ અડધુ |
| B/W | રૂ. ૧૦૦૦ | અંદરનું આખુ પેજ |
| B/W | રૂ. ૫૦૦ | અંદરનું અડધુ પેજ |

- સ્પોન્સરશીપ આપનારને ટાઈટલ-૧ ઉપર તેમના કુળદેવીનો ફોટો તથા નામ વિગત તથા ટાઈટલ-૨ ઉપર તેમના દ્વારા અપાતી મેટર આપી શકાશે. આ ઉપરાંત અંદરનું એક સાદુ ફુલ પેજ મળશે.
- સદ્‌ભાવમાં પ્રગટ થતા લેખ-જાહેરાતના સમાવેશનો નિર્ણય તંત્રી-સંપાદક મંડળને આધીન રહેશે.
- સદ્‌ભાવમાં પ્રગટ થતા લેખ માટે લેખક જવાબદાર છે. લેખમાં પ્રગટ થતા વિચારો કે લેખ સાથે સદ્‌ભાવ સહમત હોય તે અનિવાર્ય નથી.

શ્રી ઔદિચ્ય સહસ્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદના નામનો ચેક મોકલવો કેશ ભરનારે સ્લીપ સંસ્થાને મોકલી આપવી.

સંસ્થાનો બેંક એકાઉન્ટ નંબર

| પંજાબ નેશનલ બેંક, બાપુનગર, અમદાવાદ. | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, બાપુનગર, અમદાવાદ. |
|---|---|
| ૨૧૩૮૦૦૦૧૦૦૦૪૪૮૨૩ | ૪૫૪૮૦૨૦૧૦૫૯૦૫૯૯ |
| IFS Code :PUNB0213800 | IFS Code :UBIN0545481 |

## તંત્રી સ્થાનેથી

- વ્યાસ ડિમ્પલ મનિષ

# વિશ્વ મહિલા દિવસ

સુજ્ઞ જ્ઞાતિબંધુઓ,

સાદર નમસ્કાર...

એક મહિલા જેણે પોતાના જીવનની તમામ સમસ્યાઓનો સામનો કર્યો, સકારાત્મક દ્રષ્ટિકોણ રાખ્યો અને સાદુ જીવન જીવીને દેશભરના લોકો માટે પ્રેરણા બની ગયા. જી હા, હું વાત કરૂ છું સામાજિક કાર્યકર અને લેખિકા સુધામુર્તિની કે જેઓ વિશ્વની શ્રેષ્ઠ સોફટવેર કંપનીઓમાંની એક ઈન્ફોસીસના ચેરમેન નારાયણમૂર્તિની પત્ની સુધામુર્તિ, સુધા મુર્તિ ૧૯ ઓગષ્ટ ૧૯૫૦ ના રોજ તેમનો જન્મ.

૧૯૭૪ ની વાત છે. બેંગલૂરના ભારતીય વિજ્ઞાન સંસ્થાનની વિદ્યાર્થીની સુધા કુલકર્ણીએ નોટીસ બોર્ડ પર ટાટા ઓટોમોબાઈલ કંપનીની જાહેરાત જોઈ - મહિલા ઉમેદવાર આવેદન પત્ર ન ભરે, ટેલ્કો જેવી કંપની આવો ભેદભાવ કેમ રાખી શકે ? તેમણે પ્રમુખ જે.આર.ડી. ટાટાના નામે પત્ર લખ્યો. મુલાકાત માટે પૂના બોલાવ્યા વાતચીત બાદ ટેલ્કો કંપનીના ઈજનેરના પદ પર તેની નિયુક્તિ કરવામાં આવી. ટેલ્કો કંપનીમાં પ્રથમ મહિલા ઈજનેર સુધા મુર્તિ હતા. ત્યારબાદ નારાયણ મુર્તિની સાથે ઈન્ફોસીસ કંપની ખોલી અને બંનેના વિવાહ થયા. ૧૯૯૬મા તેઓ ઈન્ફોસિસ ફાઉન્ડેશનની ચેરપર્સન બન્યા.

બંનેની મહેનતથી કંપની ખુબ પ્રગતિ કરે છે. ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા તેઓ સામાજીક વિકાસના કાર્યો કરે છે. કર્ણાટકના અનેક શહેરોમાં તેઓએ હોસ્પિટલ, ચિકિત્સાના સાધનોની સહાય કરી તથા દુષ્કાળથી પિડીત ક્ષેત્રોમાં રાહત કાર્યો કરાવ્યા. ભારતમાં અનેક અનાથઆશ્રમોની સ્થાપના કરી છે. ગ્રામીણ વિકાસના પ્રયાસોમાં સરકારી શાળાઓમાં કોમ્પ્યુટર અને લાઈબ્રેરીની સુવિધા પુરી પાડવાની ચળવળને ટેકો આપ્યો. શાળાની ઈમારતોનું નિર્માણ કરાવ્યું. સુધા મૂર્તિ રાજ્યસભાના ૨૦૨૪ થી એમ.પી. છે.

રાષ્ટ્રપતિએ ઈન્ફોસીસ ફાઉન્ડેશનના ચેરપર્સન સુધામૂર્તિને રાજ્યસભામાં નોમીનેટ કર્યા છે. સુધામૂર્તિને અનેક પુરસ્કારોથી સન્માનીત કરવામાં આવ્યા છે.

કર્ણાટક - રાજ્યોત્સવ પુરસ્કાર, ઓજસ્વીની પુરસ્કાર, મિલેનીયમ મહિલા શિરોમણી પુરસ્કાર, વુમન ઓફ ધ ઈયર-૨૦૦૨ તથા રાજ્યલક્ષ્મી પુરસ્કાર, પદ્મ પુરસ્કાર.

સુધા મૂર્તિના જમાઈ બ્રિટનના વડાપ્રધાન હતાં.

સુધા મૂર્તિ અનેક પુસ્તકોના લેખિકા છે, નીચે લખેલા તેમના પુસ્તકો છે.

(૧) સમયની આરપાર (૨) મારે તો ચાંદો જોઈએ (૩) પવિત્રતાના પાયા પર (૪) મનની વાત (૫) નોખી માટીના જીવન (૬) સર્જનહારનો શંખનાદ (૭) ડોલર વહુ (૮) માનવતાની મશાલ (૯) તમે જ તમારૂં અજવાળું (૧૦) સાચને નહીં આંચ (૧૧) માણસાઈની થાપણ

સુધા મૂર્તિ એ અનેક પ્રયત્નો કરી મહિલાઓના માર્ગને પ્રશસ્ત કર્યો. મહિલાઓ માટે કોઈ કાર્ય કરવું કઠીન નથી એ સુધા મૂર્તિ એ સાબિત કરી બતાવ્યું, એક સફળ ઉદ્યોપતિ, સફળ શિક્ષક, સફળ લેખિકા, સફળ પત્ની, એવા સુધા મૂર્તિ ને ‘વિશ્વ મહિલા દિવસ નિમિત્તે’ ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

## ☼ શુભ સમાચાર ☼

- શ્રી કિશોરકુમાર હરિલાલ દવે અને શ્રીમતી પ્રવિણાબેન કિશોરકુમાર દવે ની સુપુત્રી અંજલીબેન દવે ની સગાઈ પ્રતિભાબેન જયેન્દ્રભાઈ જોષીના સુપુત્ર જસમીન સાથે તા. ૧-૩-૨૦૨૫ ને શનિવારના રોજ અમદાવાદ મુકામે થઈ.

## ☼ જ્ઞાતિ ગૌરવ ☼

- શ્રીમાન, બૃહદ અશોકકુમાર વ્યાસ, નરોડા (હાલ બોપલ) ને ઝાયડસ લાઈફ સાયન્સીસ લિમીટેડ દ્વારા વર્ષ - ૨૦૨૪માં ઉમદા કાર્ય કરવા બદલ **“Zydus Star Award”** અને સર્ટિફીકેટ એનાયત કરી સન્માનિત કરવામાં આવેલ છે. જે બદલ તેમને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન અને ભવિષ્યમાં આવી પ્રગતિ કરતા રહો તેવી શુભેચ્છાઓ સહ... જૈ જૈ શ્રી ગોકુલેશ



- મૈત્રી જયેન્દ્રભાઈ વ્યાસ એ સુરત ખાતે શાળા કક્ષાએ એનસીસી મા ફર્સ્ટ ફિમેલ સાર્જન્ટ બની સન્માન પ્રાપ્ત કરેલ છે તેમને અભિનંદન અને શુભેચ્છાઓ..

- યુ.એસ.ખાતે મે. ટ્રસ્ટી શ્રી કિશોરભાઈ પંડિતની પૌત્રી પરી જીજ્ઞેશકુમાર રાવલ અને તેની ટીમ જિલ્લા-હોસા સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તેઓએ ઝેનોટ્રાન્સપ્લાન્ટેશન પર ધ્યાન કેન્દ્રિત કરીને અન્વેષણ તબીબી સંશોધનની શ્રેણીમાં સ્પર્ધા કરી. ઝેનોટ્રાન્સપ્લાન્ટેશન એક એવી પ્રક્રિયા છે જેમાં પ્રાણી કોષો, પેશીઓ અથવા અંગોને માનવ પ્રાપ્તકર્તામાં ટ્રાન્સપ્લાન્ટ કરવાનો સમાવેશ થાય છે. તે એક પ્રાયોગિક સારવાર છે જેનો ઉપયોગ માત્ર ખૂબજ દુર્લભ અને ગંભીર કિસ્સાઓમાં થાય છે. તે બે રાઉન્ડની સ્પર્ધા હતી. પ્રથમ રાઉન્ડ ડીજીટલ રુપરેખા હોય છે. ન્યાયાધીશો અને તમારા પ્રોજેક્ટની ડીજીટલ રુપરેખા શેર કરવા આમંત્રિત માટે કરે છે. તે પાવરપોઈન્ટના રૂપમાં છે. જો તમે પ્રથમ રાઉન્ડ ક્લીયર કરો છો, તો તમને ટ્રાઈ-ફોલ્ડ બોર્ડ સાથે સંપૂર્ણ પ્રેઝન્ટેશન આપવા માટે આમંત્રિત કરવમાં આવે તેઓએ ટ્રાઈ-ફોલ્ડ બોર્ડ સાથે રજુઆત કરી અને પછી સોફ્ટ ટોયઝ અને ટોય મેડીકલ ઈન્સ્ટ્રુમેન્ટ્સનો ઉપયોગ કરીને કૂતરાથી બિલાડી સુધીની કિડની ટ્રાન્સપ્લાન્ટ સર્જરીનું નિદર્શન કર્યું. ૨ છોકરીઓએ સર્જરી કરી જ્યારે અન્ય ૨ એ સમજાવ્યું કે શું થઈ રહ્યું છે. જે બાદ તેઓએ નિર્ણાયકો ના પ્રશ્નોને સફળતાપૂર્વક પાર પાડેલ...




પરીને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.



કાવ્યા નિરવ પંડિતે યુ.એસ. ખાતે કાઉન્ટી - જિલ્લા કક્ષાએ શૈક્ષણિક રમતોમાં સામાજીક અભ્યાસની સિઝનમાં છઠ્ઠું સ્થાન મેળવ્યું અને કાવ્યાની ટીમ/શાળાએ કાઉન્ટીમાં પ્રથમ સ્થાન મેળવ્યું...

કાવ્યા ને અભિનંદન સહ શુભેચ્છાઓ.

## ☼ જ્ઞાતિ સમાચાર ☼

### ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડા ચારસો બ્રાહ્મણ જ્ઞાતિ સિહોર દ્વારા છઠ્ઠો સમૂહ લગ્ન અને યજ્ઞોપવિત સમારોહ યોજાયો

ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડા ચારસો બ્રાહ્મણ જ્ઞાતિ સિહોર આયોજિત છઠ્ઠા સમુહલગ્ન અને યજ્ઞોપવિત સમારોહમાં ચાર નવદંપતિએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા તેમજ ત્રણ બટુકોએ જનોઈ ધારણ કરી બ્રહ્મત્વ મેળવ્યું હતું. છેલ્લા ઘણા સમયથી આ આયોજનની તડામાર તૈયારીઓ જ્ઞાતિ પ્રમુખ અજયભાઈ શુકલ તથા કારોબારી દ્વારા કરવામાં આવી રહી હતી તમામ બાબતોનું ઝીણવટભર્યુ નિરિક્ષણ/પરિક્ષણ સાથે ખામી રહીત આયોજન, કરકસરયુક્ત પારદર્શક વહીવટ દ્વારા ટીમવર્કથી કાર્ય સંપન્ન કરવામાં આવ્યું.

તા. ૮-૨-૨૫ ને શનિવારના રોજ જ્ઞાતિની લાડકી દીકરીઓ તેમજ જનોઈ ધારણ કરવા થનગની રહેલ બટુકો ના બપોરે ત્રણ કલાકે રૂડા મંડપ રોપાયા હતા ત્યારે વીરા તથા બહેનીના માંડવા રોપાય શરણાયુનાં સુર સાથે એક પછી એક એમ સાત મંડપનું રોપણ કાર્યક્રમના આચાર્ય પદ નિભાવનાર હાર્દિકભાઈ શુકલના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું. પીઠી મામેરા સહિતના વ્યવહારોની વિધિ આ કાર્યક્રમમાં ભાગ લેનાર ના પરિવારો દ્વારા કરવામાં આવી હતી સાથે સાથે આવા રૂડા મંડપ રોપાણા હોય ત્યારે ગળી ડાઢ તો કરવી પડે હો ! ત્યારે મગ લાપસીના આંધણ મુકાયા અને સાંજે સૌ પરિવાર સાથે ભોજન લીધું હતું. ભોજન બાદ ગરબા તો બને હો ! આ શિહોરની સાડા ચારસો જ્ઞાતિ છે ત્યારે આ રાસની રમઝટ બોલાવવામાં આવી હતી.

વ્હાલી દિકરીઓના કરિયાવર પ્રદર્શન મહિલા સમિતિ દ્વારા ગોઠવી સાંજે દિકરીઓના વાલીની હાજરીમાં સોંપી આપેલ હતો અને જ્ઞાતિના વડીલ અને બા ના નામથી પ્રખ્યાત એવા ગીતાબા દ્વારા લાડકી દિકરીઓના લગ્ન પ્રસંગે મામેરાના ગીતનું ગાન કરી ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. બીજા દિવસે સવારના સાત વાગ્યાથી ફરી એજ જોમ જુસ્સા સાથે દરેક મહેમાનો, લાડકી દિકરીઓના પરિવારજનો, નાનકડા બટુકોના પરિવાર, મહેમાન તેમજ જાન માટે સુંદર નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે બીજી બાજુ ગોર મહારાજના વૈદિક તેમજ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે જનોઈવિધિ પ્રારંભ થઈ હતી અને જાનનું આગમન થઈ ચુક્યું હતુ. એક તરફ મહેમાનો, જાનૈયાઓ વરયાત્રા (વરઘોડા)ની તૈયારીઓ સાથે શાન સાઉન્ડના સથવારે ડીજેના તાલમાં વરયાત્રા કાઢી બંધન પાર્ટી પ્લોટ ખાતે પહોંચી હતી. જ્યાં સામૈયા કરવામાં આવેલ સાથે સાથે વેલકમ ડ્રીંક્સની વ્યવસ્થા કેમ ભુલાય તે તો કરવી જોઈએ માટે તમામ જાનૈયાઓ, મહેમાનોના સ્વાગત સાથે શરબતની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી અને લગ્નમંડપમાં વર પ્રવેશ થયો હતો. ત્યારે ગોર મહારાજની પ્રાસંગિક વિધિ બાદ કન્યા પધરાવો સાવધાન ના સાદ પડતા જ તમામ કન્યાઓનું મંડપમાં આગમન એક સાથે થયું હતું ગીતોની રમઝટ સાથે લાડકી દિકરીઓ મંડપમાં પધારી હતી તેમજ એક કન્યાના કન્યાદાન માટે સુરતથી ખાસ પધારેલા મહેતા પરિવારના રાજુભાઈ મહેતા એ કન્યાદાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી તેઓ પતી પત્નીએ લાડકી દિકરીને પરણાવવાની તમામ વિધિઓ તેમજ કન્યાદાનની રસમ પૂર્ણ કરી હતી. બીજી તરફ

બડવાની બટુકયાત્રા કાઢવામાં આવી હતી બટુક યાત્રા પૂર્ણ થયા બાદ લાડકી દીકરીઓના એક તરફ માઁમાટ ભરાયા હતા અને બીજી તરફ વિદાયની તૈયારીઓ ભારે હ્દયથી અપાઈ રહી હતી તે વિદાય પ્રસંગના ગીતો ગવાઈ રહ્યા હોય વડીલો દ્વારા માર્ગદર્શન આપી વિદાય કરવામાં આવી હતીં.

તમામ જ્ઞાતિજનોની હાજરીમાં જ્ઞાતિ પ્રમુખ અજયભાઈ શુકલ દ્વારા પારદર્શક વહીવટ નો ઉત્તમ નમુનો તમામ હિસાબ રજુ કર્યો હતો ત્યારે આ પારદર્શકતા સૌ કોઈ દ્વારા તાળીઓના ગડગડાટ સાથે વધાવેલ સાથે સાથે સમગ્ર જ્ઞાતિ કાર્યમાં વર્ષોથી ચાલતા ટીફીન પ્રોજેક્ટમાં નહિ નફો નહિ નુકસાન ના ધોરણે ટીફીન સેવા પુરી પાડનારા નૈત્રી રેસ્ટોરન્ટ માલિક અને જ્ઞાતિ ગૌરવ એવા દિપકભાઈ જોષી તથા જ્ઞાતિમાં ૧૦૮ નું બિરુદ પ્રાપ્ત કરનાર વિશાલભાઈ (બંટી) ત્રિવેદીને શિલ્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

દાતાશ્રીઓ ભાવનગર, સુરત, વડોદરા, મુંબઈ, અમદાવાદ, અમરેલી જ્ઞાતિ મંડળો સ્નેહીજનો, રાજકીય આગેવાનો, મિત્રો તથા જ્ઞાતિજનોની વિશેષ ઉપસ્થિતિમાં ભવ્ય સમારોહના અંતે પ્રમુખશ્રી અજયભાઈ દ્વારા જણાવેલ કે આ સમગ્ર કાર્યક્રમ નું પુરેપુરુ સંચાલન ઉપપ્રમુખ કૌશિકભાઈ વ્યાસ દ્વારા અને મહેમાનોને જમાડવાની વ્યવસ્થા મહેશભાઈ દવે અને ભરતભાઈ મહેતા, મહેમાનોને સન્માનીત કરવાની તમામ જવાબદારી પ્રમોદભાઈ પંડ્યા અને કિશોરભાઈ જોષી દ્વારા નિભાવેલ, મંડપની જવાબદારી પરેશભાઈ શુકલ, મુકેશભાઈ જોષી અને જતીનભાઈ શુકલ ભુદેવો જવાબદારી બંટીભાઈ, આશિષ વ્યાસ, મયુરભાઈ વ્યાસ, તીર્થ આચાર્યએ નિભાવી હતી તેમજ હેલ્પ કાઉન્ટર/સહયોગ કાઉન્ટરની જવાબદારી બળવંતભાઈ ત્રિવેદી, સુનિલભાઈ ત્રિવેદી અને બિપિનભાઈ, એન્કરીંગ વિરાજબેન જોષી અને પાર્થભાઈ વ્યાસે સંભાળેલ અંતમાં ભોજન વ્યવસ્થાની તમામ જવાબદારી ચેતનભાઈ, વિજયભાઈ, અનિરૂધ્ધભાઈ, દીપકભાઈ નિલેશભાઈ, ડો.ધર્મેશભાઈ. સમીરભાઈ, દિપકભાઈ વિગેરે એ નિભાવીને મારી ટીમના સાથ સહકાર થી કાર્ય સાર્થક થયું છે. માટે જેમ મોર પીછા વગર શોભતો નથી તેમ હું મારી ટીમ વગર શોભતો નથી માટે જ્ઞાતિના ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યશ્રીઓ, લગ્નસમિતિ સભ્યો તેમજ મહિલા મંડળનો આભાર વ્યક્ત કર્યો હતો. મહિલા મંડળ દ્વારા નિભાવવમાં આવેલી જવાબદારી સરાહનીય હતી.

જેના સહકારથી છઠ્ઠો સમુહલગ્ન તથા યજ્ઞોપવિત પ્રસંગે દીપી ઉઠ્યો છે એવા જ્ઞાતિના પ્રમુખ અજયભાઈ શુકલ, કૌશિકભાઈ વ્યાસ, ભરતભાઈ મહેતા, મહેશભાઈ દવે, કિશોરભાઈ જોષી, મુકેશભાઈ જોષી, ચેતનભાઈ આચાર્ય તેમજ નિલેશભાઈ શુકલ કે જેઓના દ્વારા અથાગ મહેનત કરી જ્ઞાતિના આ ભગીરથ કાર્યમાં દાનનો અમુલ્ય ધોધ પોતાના સંપર્કો દ્વારા વરસાવી આ પ્રસંગને ચાર ચાંદ લગાવ્યા હતા આ આખા પ્રસંગના જમણવારના દાતા શ્રી જય ગુરૂદત્ત હતા તેમનો પણ જ્ઞાતિ આભાર વ્યક્ત કરે છે તેમજ મુંબઈથી ઉષાબેન પંડિત દ્વારા પણ અનેરૂ અન્નદાન મળેલ છે જેના અમો આભારી છીએ.

લગ્નોત્સવ તેમજ યજ્ઞોપવિત માં ભાગ લેનાર પરિવારો દ્વારા જણાવાયું હતું કે આ પ્રસંગ સમુહમાં નહિ પણ એક પરિવાભર્યા વાતાવરણ કોઈપણ જાતની તકલીફ વગર તમામ સુવિધા સભર આયોજન કરાયું હતું.

# ☼ "સામાજીક અરીસો" ☼

મા-સાસુ/સસરા-પિતા આ બધા પારિવારીક સંબંધોનો અરીસો બતાવવાનો આ પ્રયાસ છે કોઈએ માથે ન ઓઢવું.

- અમારી દિકરીએ કોઈ દિવસ ખેતી કામ નથી કર્યું અને ગાય ભેંસને દોહવાની તો વાત દુર રહી કોઈ દિવસ ખીલે બાંધ્યા પણ નથી. એટલે અમારી દિકરી ઈ બધા કામ નહીં કરે / વહુ તમારે ખેતી કામ તો કરવુંજ પડે ને ગાય ભેંસના વાસીદા પણ કરવા પડે. આ તમારી નણંદ બીચારી સાસરે ગઈ ત્યાં સુધી આ બધા ઢસરડા કરતીતી.

- જો બેટા નણંદુ અને સાસરીયાઓના કામકાજના ઢસરડા નઈ કરવાના અને વેકેશનમાં તારા નણંદ આવે એ પહેલા અહીયા આવતી રે જે નકર કામ કરીને મરી જઈશ / વહુ તમારે વેકેશનમાં નથી જવાનું તમારા નણંદ આવવાના છે. તમે જશો તા કામકાજ કોણ કરશે ?

- જો બેટા એવું લાગેને તો સાસુ સસરના કહીં દેવાનું કે બેય ભાઈઓને જુદા કરી દ્યો અને અમારી ભાગે પડતી મિલ્કત પણ આપી દ્યો. આ કાયમના ઢસરડા મારે ના પોસાય. પછી તમારે જે કરવું હોઈ એ કરજો. / વહુ જુદા થવાની તો વાત ન કરતી નકર ચામડા ઉતારી નાખશું. બન્ને ભાઈઓમાં તમારે આટલો પ્રેમ નથી દેખાતો.

- અમારી દિકરીએ તો પાંચેય આંગળીયે મહાદેવને પૂજ્યા છે એટલે જ આવા સમજણા જમાઈ મળ્યા / જો વહુ મારા દિકરા ઉપર મંતર મારવાનું બંધ કરી દેજો ઈ અમારી સામે કોઈ દિવસ બોલવાની હિમ્મત નહોતો કરતો અને તમારા આવ્યા પછી અમારી સાથે તમારા જ કારણે ઝગડો કરે છે.

- દિકરી તારે કુમારને કોઈપણ રીતે કાબુમાં રાખવાના પ્રેમથી, ઝઘડીને કે રડીને / વહુ તમે જો ઘરની કોઈ વાત દિકરાને કરી છે તો આવી બનશે તમારૂ.

- દિકરી વારે તહેવારે કુમારને બહાર ફરવા જમવા જતું જ રહેવાનું / વહુ આ શું વારે તહેવારે બહાર ફરવા જવાનું રટણ કરો છો ? તહેવારતો પરિવાર સાથે જ ઉજવવા જોઈએ.

- પૈસાની જરૂર પડે કે ના પડે તો પણ કુમાર પાસેથી કે સાસુ સસરા પાસેથી માંગી જ લેવાના / વહુ પૈસા ઓછા ઉડાડો તમારી નણંદ તો બિચારી વરસમાં ત્રણ ચાર જોડી કપડામાં જ રોડવતી હતી.

વહુ ઘરમાં આવે એટલે માતામાં એક સાસુ અવશ્ય પ્રવેશ કરે છે.

- પિતા-સસરા

- જમાઈ રાજ એક નવં મકાન લેવું છે આપ આવો એટલે જોવા જઈએ પછી ભાવતાલ નક્કી કરીએ / અરે તમારા દિકરાને પુછો મારી શું જરૂર છે ? જમાઈરાજ હવે એને શું ખબર પડે વ્યવહારીક કામમાં ?

- કુમાર તમારે પૈસાની જરૂર હોય તો કહેજો મોકલી આપીશ / અરે તારે દિકરા પૈસાની શું જરૂર હજુ ગયા અઠવાડીયે જ હજાર રૂપિયા આપેલા.

- જમાઈ રાજા તો બહુ ડાહ્યા મારી દિકરીની દર અઠવાડીયે બહારગામ ફરવા લઈ જાય. પિક્ચર જોવા લઈ જાય. મારી દિકરીને ભાગ્યશાળી છે. / અરે આમ મહિનામાં બે વાર તું વહુને ફરવા ને જમવા લઈ જાય એ મારે ન પોસાય.

- દિકરી ભાગ્યશાળી છે એટલે જ આવા જમાઈ મળ્યા / વહુએ તો દિકારને એનો કરી લીધો અમારી તો કોઈ વાત જ નથી સાંભળતો.

વહુ ઘરમાં આવે એટલે પિતામાં એક સસરા અવશ્ય પ્રવેશ કરે છે.

- દિકરી વહુ

- પોતે સાસરેથી પોતાની માતા સાથે ફોનમાં ત્રણ ચાર કલાક વાત કરી શકે / પણ પોતાની ભાભી તેના પિયરમાં વાત કરે તો પેટમાં બળતરા થાય છે.

- જુઓ સાસુમાં નણંદ અને નણદોઈને કહી દેજો તમે તમારા ઘરના ધણી છો. અહિયાં ડાહ્યા થવા ન આવે / મમ્મી ભાભીને કાબુમાં રાખજે જોજે બહુ છુટ ન આપતી અને ઘરની વ્યવહારીક

કામમાં પણ દખલ ન કરે એનુ ધ્યાન રાખજે.

- મમ્મી હું  આવવાની છું વેકેશનમા. ભાભી હું આવવાની છું વેકેશનમાં તમે પિયરમાં ના જતા / સાસુમાં તમે નણંદબાને ના પાડી દેજો અહિયા વેકેશન કરવા ન આવે. અને આવવું હોય તો ભલે આવે હું તો મારા પિયર જવાની જ છું.

- તમા તમારા ભાઈને કેમ બહું સાચવો છો ? જ્યારે હોઈ ત્યારે કપડા લઈ આપો છો અને પૈસા વાપરવા આપો છો. બગડી જશે પછી અને પેધી જશે અને હક્ક લગાડશે. / તમને કહું આ કપડા મારા ભાઈને બહુ જ સારા લાગશે એની માટે મેં લીધા છે. તમને કહું મારા ભાઈને સોનું પહેરવાનો બહુ જ શોખ છે તેને એક સોનાનો દોરો કરાવી દેવો છે.

દરેક દિકરી કોઈની પત્ની બને એટલે એનામાં એક વહુ પ્રવેશ કરે છે.

- દિકરો-જમાઈ

- મમ્મી પપ્પા તમે જે આવે ઈ બધુ બેન બનેવીને આપી દ્યો તો અમારી પાસે શું વધશે ? / આ સાડી બહું જ સારી છે અને કપડા પણ બહુ જ સારા છે. મારા સાળી અને સાઢુ માટે લઈ દઈશ.

- બહેનના ઘરે જઈશ તો ભાણેજને કંઈક આપવુ પડશે એટલે નથી જવું / સાળી માટે ૫૦૦૦ની સાડી લેવામાં વિચાર નથી કરતા.

- પપ્પા તમે બેન બનેવીને કહી દેજો મારા વ્યવહારમાં માથુ ન મારે / સસુરજી કામકાજ હોઈ તો કેજો હું આવી જઈશ.

દરેક દિકરાના લગ્ન પછી તેનામાં એક જમાઈ અવશ્ય પ્રવેશ કરે છે.

સંબંધોની આંટીઘુટીમાં કોઈ વ્યક્તિ નિર્દોષ નથી. કોઈ ને કોઈ રીતે દોષીત જ છે. દરેક માં પોતાના દિકરામાં શ્રવણ જોવા ઈચ્છે છે. પરંતુ પોતાના પતિને શ્રવણ બનતા રોકે છે. આ બાબતમાં અમુક પરિવાર અપવાદ રુપ છે. જેને આ બધુ લાગુ નથી પડતું.

- કૌશિક વ્યાસ, શિહોર

## ☼ ફાગણ માસનું મહત્વ ☼

હિન્દુ કેલેન્ડરમાં દરેક મહિનાની પોતાની વિશેષતા અને મહત્વ હોય છે. પરંતુ ફાગણ મહિનાને ખાસ માનવામાં આવે છે. આ મહિને ફક્ત રંગો અને ખુશીઓના પ્રતીક હોળી સાથે સંકળાયેલો નથી. પરંતુ તેમાં કેટલાક ખાસ દેવતાઓની પૂજા કરવાથી જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ પણ આવે છે.

૧. ભગવાન વિષ્ણુની પૂજા : જીવનમાં સુખ અને સમૃદ્ધિ લાવવા માટે

ફાગણ મહિનો હિન્દુ કેલેન્ડરનો છેલ્લો મહિનો માનવામાં આવે છે અને આ મહિનો ખાસ કરીને ભગવાન વિષ્ણુની પુજા માટે યોગ્ય માનવામાં આવે છે. ભગવાન વિષ્ણુની પૂજા કરવાથી વ્યક્તિના જીવનમાં સમૃદ્ધિ, સુખ અને શાંતિનો વાસ થાય છે. આ ઉપરાંત આ મહિનામાં ભગવાન વિષ્ણુની પુજા કરવાથી વ્યક્તિના પાપો દૂર થાય છે  અને મોક્ષ પ્રાપ્તિની શક્યતા વધી જાય છે.

કેવી રીત કરશો પૂજા ?

ભગવાન વિષ્ણુની પુજા માટે સૌથી પહેલા સવારે જલ્દી ઉઠીને સ્નાન કરો અને સ્વચ્છ કપડા ધારણ કરો.  ત્યાર બાદ ભગવાનની મૂર્તિને ગંગાજળથા સ્નાન કરાવો અને તેમને પીળા વસ્ત્રો અર્પણ કરો. ચંદન. ચોખા, ફુલ, ધૂપ અને દીવાથી ભગવાનની પૂજા કરો. પૂજા પછી ભગવાન વિષ્ણુના મંત્રોનો જાપ કરો અને તેમની આરતી કરો. આ ફક્ત ધાર્મિક ફરજ નથી પણ તમારા જીવનમાં સુખ અને સમૃદ્ધિ લાવવાનો એક અસરકારક માર્ગ પણ છે.

૨. ભગવાન શિવની પૂજા : ગ્રહોના દોષોથી મુક્તિ મેળવવા માટે

ફાલ્ગુન મહિનાનો બીજો મહત્વપૂર્ણ દિવસ મહાશિવરાત્રી છે. જે ભગવાન શિવ અને માતા પાર્વતિના જોડાણનું પ્રતિક છે. આ દિવસે ખાસ પ્રાર્થના અને ઉપવાસ કરવામાં આવે છે. ભગવાન શિવની પૂજા કરવાથી વ્યક્તિના જીવનમાં ગ્રહદોષ દૂર થઈ શકે છે. આ ઉપરાંત શિવજીની પુજા કરવાથી માનસિક શાંતિને આંતરિક શક્તિ મળે છે. જે જીવનની મુશ્કેલ પરિસ્થિઓમાં ટેકો પૂરો પાડે છે. આ મહિનામાં ''ૐ નમઃ શિવાય'' મંત્રનો જાપ ખાસ કરીને અસરકારક માનવામાં આવે છે. તેનો નિયમિત જાપ કરવાથી વ્યક્તિના જીવનમાં સુખ અને શાંતિનો વાસ થાય છે.

૩. ચંદ્ર પૂજા : માનસિક શાંતિ અને સકારાત્મકતા પ્રાપ્ત કરવા માટે

ફાલ્ગુન મહિનાને ચંદ્રનો જન્મનો મહિનો પણ કહેવામાં આવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર ચંદ્રનો જન્મ આ મહિનાની પૂર્ણિમાના દિવસે થયો હતો. ચંદ્રને મન અને માનસિક સ્થિતિનો કારક માનવામાં આવે છે. આ મહિનામાં ચંદ્રની પૂજા કરવાથી માનસિક શાંતિ મળે છે. અને નકારાત્મક વિચારોનો અંત આવે છે. જો તમે તમારા જીવનમાં માનસિક શાંતિ અને સકારાત્મકતા ઈચ્છતા હોવ તો ફાગણ મહિનામાં ચંદ્રની પૂજા કરવી ખૂબજ ફાયદા કારક સાબિત થઈ શકે છે.

# દાન-સરવાણી

## -: ખુશીભેટ :-

| | | |
|---|---|---|
| ૨૫૦૦-૦૦ | શ્રી મીત ઉદયભાઈ વ્યાસ | ૯૩૮૫ |
| | રમતોત્સવ નિમિત્તે ખુશીભેટ (ગયા અંકમાં છાપવાની રહી ગયેલ) | |
| ૫૦૦-૦૦ | શ્રી ધર્મેન્દ્રભાઈ જગદીશચંદ્ર શુકલ | ૯૩૯૧ |
| | (સુપુત્રી ચિ. ઝીલના લગ્ન પ્રસંગે) | |
| ૧૧૦૦-૦૦ | શ્રી કિશોરભાઈ હરીલાલ દવે | ૯૩૯૩ |
| | (સુપુત્રી અંજલીની સગાઈ નિમીત્તે) | |

## -: શાંતાબા રૂક્ષ્મણીબા ભાગીરથી ફંડ :-

| | | |
|---|---|---|
| ૨૧૦૦-૦૦ | શ્રી જનકભાઈ લાભશંકર દવે | ૯૩૯૪ |
| | (સ્વ. વિમળાબેન લાભશંકર દવેને શ્રધ્ધાંજલી) | |
| ૧૧૦૦-૦૦ | શ્રી આશીષ મહેશભાઈ આચાર્ય | ૯૩૯૦ |
| | (માતૃશ્રી વિલાસબેનની સરવણી નિમિત્તે) | |
| ૧૦૦૦-૦૦ | યશુ અરવિંદભાઈ ત્રિવેદી, બેંગલોર | |
| | (પુત્ર હાર્દિક ની પ્રથમ પુણ્યતિથિ ચૈત્ર સુદ રામ નવમી તા. ૧૭-૪-૨૦૨૪) | ૫૨ |

## -: વાર્ષિક સહયોગ :-

| | | |
|---|---|---|
| ૧૨૦૦-૦૦ | શ્રી કિરીટભાઈ કે. આચાર્ય | ૯૩૯૨ |

## -: સદભાવ જાહેરાત :-

| | | |
|---|---|---|
| ૧૫૦૦-૦૦ | શ્રી વિપુલભાઈ કનુભાઈ દવે (અમરેલી) | ૯૩૮૬ |
| ૧૫૦૦-૦૦ | શ્રી ભાવેશભાઈ મોહનલાલ જોષી | ૯૩૮૮ |
| ૧૫૦૦-૦૦ | લીનાબેન એસ. દવે | ૯૩૮૯ |

## -: સદભાવ આજીવન :-

| | | |
|---|---|---|
| ૧૦૦૦-૦૦ | શ્રી ગૌરાંગ બી. પંડ્યા (ભાવનગર) | ૯૩૮૭ |
| ૧૦૦૦-૦૦ | શ્રી જીજ્ઞેશભાઈ ભુપતભાઈ વ્યાસ (સુરેન્દ્રનગર) | ૯૩૯૬ |

## ☼ અવસાન નોંધ ☼

- શ્રી નિતીન મનુભાઈ ત્રિવેદી (ગામ-વડોદરા) નું તા. ૧૬-૧-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- હરેશભાઈ દયાશંકર પંડ્યા (મુ.વ.મોટા સુરકા હાલ - મોખડકા) તા. ૨૨-૧-૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે.
- દિપકભાઈ શાંતિલાલ જોષી (મુ.વ.ગઢડા સ્વામીના) હાલ રાજકોટ) નું તા. ૨૩-૧-૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે.
- પ્રભાવતિબેન બાબુભાઈ પંડ્યા (ઉ.વ. ૯૬, ગાંધીનગર) નું તા. ૨૬-૧-૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે.
- વિમળાબેન લાભશંકર દવે (ઉ.વ.૮૩ અમદાવાદ) તા. ૨૭-૧-૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે.
- આરતીબેન છેલશંકર શુકલ (ઉ.વ. ૬૫) મુ.વ. રાજુલા (હાલ ભાવનગર) નું તા. ૨૮-૧-૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે.
- ગાયત્રીબેન નલીનકાન્ત ઉપાધ્યાય (અમદાવાદ) તા. ૬-૨-૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે.
- નીર્મળાબેન વલ્લભદાસ વ્યાસ (ઉ.વ. ૮૫ ગામ-બરવાળા) તા. ૧૦-૨-૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે.
- કનૈયાલાલ પુરુષોત્તમદાસ આચાર્યનું વડોદરા મુકામે અવસાન થયેલ છે.
- જયંતકુમાર છગનલાલ વ્યાસ (ભાવનગર) તા. ૨૩-૨-૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે.
- પ્રાણલાલ નાનાલાલ આચાર્ય (ઉ.વ. ૭૩ મોટા લીલીયા) નું તા. ૨૫-૨-૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે.
- શિરીષકુમાર ચંદુલાલ ઠાકર (અમદાવાદ) નું તા. ૨૩-૨-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- કૌશિકભાઈ નવીનચંદ્ર જોષી (ઉ.વ. ૪૦ ગામ-અમદાવાદ) તા. ૧-૩-૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે.
- મંદાકીનીબેન અશોકભાઈ વ્યાસ (ઉ.વ. ૬૪, ગામ-નડીયાદ) તા. ૫-૩-૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે.
- જીતેન્દ્રભાઈ ઈશ્વરલાલ જોષી નું (ઉ.વ ૬૪ ગામ-કેરીયા) તા. ૬-૩-૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે.
- પાવી જેતપુર ગં.સ્વ. દયાબેન અનંતરાય જોષીનું અવસાન તા.૧૧-૩-૨૦૨૫ના રોજ થયેલ છે.